बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

# સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણની સૂચના

## "પરિશિષ્ટ - IV-A (નિયમ 6 (2) અને 8 (6) માટે પ્રોવિઝો જુઓ)"

**સિક્યોરિટાઈજેશન એન્ડ રીકન્સ્ટ્રક્સન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ-2002 ના નિયમ 6 (2) અને 8 (6) હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-ઓકશન વેચાણ સૂચના.**

જાહેરમાં સામાન્ય રીતે અને ખાસ કરીને લેનારા (ઓ), મોર્ગેજર (ઓ) અને ગેરંટર (ઓ) ને સૂચના આપવામાં આવી છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત મોર્ટગેજ/ચાર્જ સુરક્ષિત સધ્ધર લેણદારને ચાર્જ આપવામાં આવે છે. જેનો કબજો બેન્ક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિક્યોરડ ક્રેડિટર દ્વારા લેવામાં આવ્યો છે. નીચે જણાવેલ ખાતા / ખાતામાં બાકી લેણાંની વસૂલાત માટે "જેમ છે તેમ", "જે છે તે", અને "જે કંઈ છે ત્યાં" વેચવામાં આવશે. લેનારા/મોર્ગેજર/ગેરેંટર સુરક્ષિત સંપત્તિ, બાકી લેણાંની રકમ, અનામત ભાવ, ઈ–હરાજીની તારીખ અને સમય, ઈએમડી અને બિડ વધારો રકમની વિગતો નીચે જણાવેલ છે.

**ઈ-હરાજી માટે તારીખ / સમય : તા.૩૧.૦૮.૨૦૨૬ સમય : બપોરે ૨.૦૦ સે ૬.૦૦ કલાકે (દરેક ૧૦ મિનિટ અમર્યાદિત એકસ્ટેંશન સાથે)**

| ક્રમ નં. | શાખાનું નામ અને ઉધારકર્તા નું નામ | મિલકત નો પ્રકાર અને વિવરણ | કલમ ૧૩(૨) હેઠળ ડિમાંડ નોટિસ ની તારીખ અને બાકી લ્હેણું રૂ. | અનામત કિંમત (RV) રૂ. તથા ઈએમડી (EMD) રૂ. | પઝેશનન ની સ્થિતિ | સંપર્ક અધિકારી અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|
| ૧. | વાસદ બ્રાન્ચ<br>મેસર્સ સત્યેન્દ્ર એગ્રો પ્રોડકટસ અને તેના ભાગીદારો<br>બિજેન્દ્ર જગદીશભાઈ શાહ.<br>મુકેશ સુરેશચંદ્ર શાહ,<br>પ્રવિણ સુરેશચંદ્ર શાહ,<br>રાજેન્દ્ર જગદીશપ્રસાદ શાહ,<br>વિરલ મહેશચંદ્ર શાહ,<br>સચિન મહેશચંદ્ર શાહ<br>**અને જામીનદારો**<br>બિજેન્દ્ર જગદીશભાઈ શાહ.<br>મુકેશ સુરેશચંદ્ર શાહ,<br>પ્રવિણ સુરેશચંદ્ર શાહ,<br>રાજેન્દ્ર જગદીશપ્રસાદ શાહ,<br>વિરલ મહેશચંદ્ર શાહ,<br>સચિન મહેશચંદ્ર શાહ,<br>જગદીશપ્રસાદ બાબુલાલ શાહ<br>મહેશ બાબુલાલ શાહ,<br>રમેશ બાબુલાલ શાહ,<br>સુરેશ બાબુલાલ શાહ,<br>ગીતાબેન મહેશચંદ્ર શાહ,<br>સુશીલાબેન સુરેશચંદ્ર શાહ,<br>મીનાબેન જગદીશપ્રસાદ શાહ<br>સુનિતાબેન જગદીશચંદ્ર શાહ,<br>સંગીતાબેન સુરેશચંદ્ર શાહ,<br>સીમાબેન સુરેશચંદ્ર શાહ,<br>મોનાબેન મહેશચંદ્ર શાહ,<br>સોનાબેન મહેશચંદ્ર શાહ,<br>**મેસર્સ સંગમેશ્વર દાળ મિલ અને ભાગીદારી પેઢીનું તેના ભાગીદારો દ્વારા પ્રતિનિધિત્વ કરતા**<br>(૧) જગદીશપ્રસાદ બાબુલાલ શાહ<br>(૨) મહેશ બાબુલાલ શાહ,<br>(૩) રમેશ બાબુલાલ શાહ,<br>(૪) સુરેશ બાબુલાલ શાહ, | **તારણ માલમત્તાનું (સિક્યોર્ડ મિલકત)નું વર્ણન :**<br>સિમેન્ટ ફેકટરી (શિવમ સિમેન્ટ પ્રોડકટસ) સર્વે નં. ૨૦૬/૨ પર આવેલી માપ હે.૦-૩૯-૯૬ (૩૯૯૬ ચો.મી. ૭/૧૨ ની નકલ મુજબ અને સાઈટ મુજબ ૩૮૬૦ ચો.મી. ) ખાતા નં.૨૭૮, એન.એચ. નં.૮ વાસદ, તાલુકો અને જીલ્લો આણંદ ખાતે આવેલ છે. જેની સીમાઓ નીચે મુજબ છે.<br>**પૂર્વ :** રોહતિભાઈનું ખેતર<br>**પશ્ચિમ :** સર્વે નં. ૨૦૬/૨ પૈકી જમીન<br>**ઉત્તરઃ** રણછોડભાઈનું ખેતર<br>**દક્ષિણ :** ઉમા પાઈપ ફેકટરી | તા. ૧૫.૦૭.૨૦૨૫<br>રૂા. ૫,૬૫,૯૨,૭૬૦.૬૪<br>(બાકી પડતું વ્યાજ તથા વધારાના ખર્ચાઓ) | અનામત કિંમત<br>રૂા. ૧,૨૯,૫૪,૪૦૫.૮૧<br>(એક કરોડ ઓગણત્રીસ લાખ, ચોપ્પન હજાર ચારસો પાંચ અને એક્યાસી પૈસા)<br><br>ઈએમડી<br>રૂા. ૧૨,૯૫,૪૪૦.૫૮<br>(બાર લાખ પંચાણુ હજાર ચારસો ચાલીસ અને અઠ્ઠાવન પૈસા) | ભૌતિક<br>(Physical) | શ્રી<br>અનુપમ બિંદાલ<br>મો.<br>૯૬૮૭૬૭૨૯૨૮ |

**અનામત કિંમત સાથેની મિલકત માટે લઘુત્તમ વધારાનું રકમ રૂા. ૧૦,૦૦૦/-**
**મિલ્કત ના નિરિક્ષણ માટે તારીખ અને સમય : ૨૫.૦૮.૨૦૨૬ સુધી, સવારે ૧૦.૦૦ થી બપોરે ૪.૦૦ સુધી.**
(ઉપર જણાવ્યા મુજબ EMD રકમ બીડર ગ્લોબલ ઈમેડી વાલેટ માંથી https://BAANKNET.IN. ચાલન પેઢી પછી NEFT દ્વારા ઓનલાઇન ચૂકવવામાં આવશે)
વેચાણની વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને આપેલી લિંકનો સંદર્ભ લો. https://www.bankofbaroda.in/e-auction.htm તથા https://BAANKNET.IN. સાથી, સંભવિત બોલી લગાવનારા(ઓ) ઉપર જણાવેલ બ્રાન્ચ, મોબાઈલ નંબર અથવા શ્રી અનુપમ બિંદાલ, બેંક ઓફ બરોડા, રીકવરી ડીપાર્ટમેન્ટ, વાસદ આણંદ મો. ૯૬૮૭૬૭૨૯૨૮ નો સપર્ક કરી શકે છે.

Scan Here

**GST/TDS (લાગુ પડતા સરકારી નીયમો મુજબ) ખરીદનાર દ્વારા જંગમ / સ્થાવર સંપત્તિના વેચાણ પર ચૂકવવા પાત્ર રહેશે.**

## સરફેસી એક્ટ અંતર્ગત લોન લેનાર / જામીનદાર /મોર્ગેજર ને -૧૫-દિવસ ની વૈધાનિક નોટીસ

ઉપરોક્ત લોન લેનાર/જામીનદાર/મોર્ગેજર ને આ સાથે જણાવવામાં આવે છે કે સરફેસી એક્ટ અંતર્ગત આપેલ નોટિસ ૧૩(૨) પ્રમાણે કુલ લેણા ની બાકી રકમ હરાજી ની તારીખ પહેલા ભરી દેવી. જો તેમ કરવામાં કસૂર થશે તો સદર મિલકત હરાજી દ્વારા વેચાણ કરવામાં આવશે અને ત્યારબાદ બાકી રહેતી લેણાની રકમ વ્યાજ અને અન્ય ખર્ચા સહિત લોન લેનાર/જામીનદાર પાસે થી વસૂલ કરવામાં આવશે.

**સ્થળ : વાસદ**
**તારીખ : ૧૧.૦૮.૨૦૨૬**

**સહી/-**
**અધિકૃત અધિકારી,**
**બેંક ઓફ બરોડા**

૧. ઓનલાઇન ઇ-હરાજી હરાજી પોર્ટલ વેબસાઇટ દ્વારા એટલે કે https://baanknet.in ઉપર જણાવેલ તારીખ અને સમય પર કરવામાં આવશે. જેમાં ૧૦ મિનિટના અમર્યાદિત વિસ્તરણ સાથે કરવામાં આવશે. ઇચ્છુક બોલી લગાવનારાઓ/ખરીદદારોએ તેમના મોબાઇલ નંબર અને માન્ય ઈમેઇલ-આડીનો ઉપયોગ કરીને (ખરીદનારની નોંધણી-વેબસાઇટના હોમ પેજ પર પુરી પાડવામાં આવેલી લિંક) મારફતે નોંધણી કરાવવી જરૂરીછે. ઇચ્છુક બિડર્સ/ખરીદદારોએ કેવાયસી દસ્તાવેજો અને બેંક વિગતો અપલોડ કરવાની જરૂર છે. ઇચ્છુક બિડર્સ/ખરીદદારોને હરાજી પોર્ટલ વેબસાઇટના હોમ પેજ પર પૂરા પાડવામાં આવેલા બાયર મેન્યુઅલ દ્વારા માર્ગદર્શન આપી શકાય છે.

૨. કેવાયસી વેરિફિકેશન -રજીસ્ટ્રેશન પૂર્ણ થયા બાદ ઇચ્છુક બિડર્સ/ખરીદનારાઓએ કેવાયસી ડોક્યુમેન્ટ્સ અને બેંક એકાઉન્ટ ડિટેલ અપલોડ કરવાની રહેશે નોંધણી અને અપલોડ કરવાની ઔપચારિકતાઓ અગાઉથી પૂર્ણ કરવામાં આવશે.

૩. ઇએમડી ચુકવણી -કેવાસી ચકાસણી પૂર્ણ થયા પછી, ઇચ્છુક બિડરો/ખરીદદારો લોગિન કરીને ઇએમડી ચુકવણી કરી શકે છે, ઇએમડી ચુકવણીનો ઇરાદો ધરાવતા યખરીદદારોને ખરીદદાર તરીકે લોગિન કર્યા પછી તેમાં પૂરા પાડવામાં આવેલા બાયર મેન્યુઅલ દ્વારા માર્ગદર્શન આપી શકાય છે. ચુકવણી ગેટવે દ્વારા અને ચલણો બનાવીને અને વોલેટમાં રકમ જમાં કરીને પણ કરી શકાય છે. ચુકવણી નિર્ધારિત સમય પહેલાં અગાઉથી સારી રીતે સુનિશ્ચિત કરવામાં આવશે. જો જરૂરી ઇએમડી રકમ ખરીદનાર વોલેટમાં રાખવામાં નહીં આવે તો તેમને ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે નહીં. રસ ધરાવતી બિડર-ઇ-હરાજી બંધ થાય તે પહેલાં https://baanknet.in હરાજી પોર્ટલ પાસે પ્રી-બિડ ઇએમડી જમા કરાવી શકે છે.

જમા કરાવામાં આવેલા અર્નેસ્ટ મનીમાં કોઇ વ્યાજ રહેશે નહીં. અસફળ બિડરોના ઇએમડીના રિફંડ માટે બિડરે https://baanknet.in લોગ ઇન કરીને ઇ-હરાજી સર્વિસ પ્રોવાઇડર પાસેથી ઓનલાઇન રિફંડ મેળવવાનું રહેશે અને બાયર મેન્યુઅલમાં આપવામાં આવેલા રિફંડ માટેની પ્રક્રિયાને અનુસરીને અને ઓનલાઇન રિફંડ માગ્યા બાદ જ રિફંડ ઇ-ઓકઈન સર્વિસ પ્રોવ દ્વારા રિફંડ મંલવવામાં આવશે. અસફળ બોલી લગાવનારાઓની ઈફેમી રકમ વ્યાજ વગર પરત કરવામાં આવશે.

૪. બોલી લગાવતી વખતે બોલી લગાવનારે તે મિલકતની પસંદગી કરવાની હોય છે, જેના માટે ઉપરોક્ત વેબસાઇટમાં ઉલ્લેખિત યાદીમાંથી ઓફર સબમિટ કરવામાં આવી હોય અને/અથવા બોલી લગાવનાર સીધા જ પ્રોપર્ટી આઇડી દાખલ કરી શકે છે.

**હેલ્પ ડેસ્ટ**

- પ્રશ્નો પૂછવા માટે સંપર્ક નંબર : ૮૨૯૧૨૨૦૨૨૦ અને ઇમેઇલ આઇડી support.baanknet@psballiance.com
- રજીસ્ટ્રેશન અને લોગિન અને બિડિંગ નિયમો માટે https://baanknet.in હોમ પેજમાં પૂરી પાડવામાં આવેલી બાયર મેન્યુઅલ લિંગની મુલાકાત લે છે.
- હરાજીમાં પોપર્ટીને લગતા પ્રશ્નો માટે, બિડર્સ છેલ્લા પેરામાં આપવામાં આવેલી સંપર્ક વિગતો પર બેંક અધિકારીઓનો સંપર્ક કરી શકે છે.
- ટીઇપીએસ સામેલ છે.
- મોબાઇલ નંબર અને ઇમેઇલ આઇડીનો ઉપયોગ કરીને https://baanknet.in પર નોંધણી કરાવો.
- જરૂરી કેવાયસી દસ્તાવેજો અપલોડ કરો.
- ઇએમડીની રકમ પેમેન્ટ ગેટવે દ્વારા અને ચલણ જનરેટ કરીને અને બિડરના ઇએમડી વોલેટમાં ઇએમડીની રકમ ટ્રાન્સફર કરીને પણ ચૂકવો.
- હરાજી તારીખ અને સમય પર બિડ સબમિટ કરવાની પ્રક્રિયા ઓનલાઇન માધ્યમથી કરવામાં આવશે.
- સફળ બિડના કિસ્સામાં, બાકીની બોલીની રકમ અહીં જણાવેલ શરતો અનુસાર ચૂકવવાની રહેશે.

૫. સુપરત કરવાની બીડ કિંમત રીઝર્વ કિંમતને સમતુલ્ય અથવા તેનાથી વધુ હોવી જોઇએ અને ઇ-હરાજી દરમિયાન બીડરોને ઇન્ટર-સે બીડીંગમાં તેમની બીડ વધારવાની પરવાનગી આપવામાં આવશે અને છેલ્લા બોલાયેલ બીડથી વધુ અને ઉપર ટેબલમાં આપેલ બીડની રકમમાં ઓછામાં ઓછા વધારામાં બીડરોની છેલ્લી સૌથી ઊંચી બીડ બોલવાની રહેશે. મિલકત અધિકૃત અધિકારી દ્વારા નિયત કરાયેલ રીઝર્વ કિંમતથી ઓછી કિંમતે વેચવામાં આવશે નહીં. રીઝર્વ કિંમતથી ઓછી બોલાયેલ બીડ રદ કરવામાં આવશે. બીડર જાહેર વેચાણ નોટીસ/વેચાણની શરતો અને નિયમોમાં જણાવેલ રકમના ગુણાંકમાં તેમની બીડમાં વધારો કરી શકશે. છેલ્લી દશ મિનિટમાં બીડ મળવાનાં કિસ્સામાં ૧૦ મિનિટનું અમર્યાદિત લંબાણ કરવામાં આવશે. સફળ ઊંી બીડ બોલવા માટે બીડરોને ૧૦ મિનિટનો સમય આપવામાં આવશે ને દશ મિનિટ પૂર્ણ થયા પછી છેલ્લી ઉંચી બીડ ઓફર નહીં કરે તો ઇ-હરાજી અટકાવવામાં આવશે.

૬. ઇચ્છુક બીડરોને વેચાણ નોટીસ, ઇ-હરાજીની શરતો અને નિયમો, ઇ-હરાજીની પ્રક્રિયા અંગેનું હેલ્પ મેન્યુઅલ ધ્યાનથી વાંચવા અને તેનું કડકપણે પાલન કરવા સલાહ આપવામાં આવે છે.

૭. જો બોલીદારો પ્રતીકાત્મક કબજાવાળી મિલ્કતો માટે બોલી લગાવી રહ્યો હોય, તો બેંકની વર્તમાન માર્ગદર્શિકા મુજબ નીચે મુજબના નિયમો અને શરતો લાગુ પડશે. જેનો સારાંશ નીચે આપેલ છે.

- મિલ્કત પ્રતીકાત્મક કબજામાં છે અને બોલીદાર પોતાની જાતના જોખમ અને જવાબદારી પર પ્રતીકાત્મક કબજાવાળી મિલ્કત ખરીદી રહ્યો છે.
- બેંક માત્ર પ્રતીકાત્મક રીતે જ મિલ્કતનો કબજો સોંપશે અને સફળ હરાજી બોલીદાર/ખરીદદાર બેંક પાસેથી ભૌતિક કબજાની માંગણી કરશે નહીં.
- ભૌતિક કબજો સોંપવા માટે બેંક જવાબદાર અથવા બાધ્ય રહેશે નહીં.
- સફળ હરાજી ખરીદદારને, પૈસા પરત કરવાની કોઇપણ પરિસ્થિતિમાં, કોઇ વ્યાજનો દાવો કરવાનો અધિકાર રહેશે નહીં.
- સફળ હરાજી ખરીદદારે ઇ-હરાજી બાદ તરત જ ઉપરોક્ત નિયમો અને શરતોની પુષ્ટિ કરતું ડિક્લેરેશન કમ અન્ડરટેકિંગ સબમિટ કરવું પડશે.
- વેચાણ બાદ જો સફળ બોલીદાર ડિક્લેરેશન કમ અન્ડરટેકિંગ સબમિટ કરવામાં નિષ્ફળ જાય, તો બોલીની ઇએમડી રકમ જપ્ત કરવામાં આવશે. ( જે માટે દરેક બોલીદાર ઇહરાજીમાં ભાગ લેવા માટે BAANKNETપોર્ટલ પર નિયમો અને શરતો સ્વીકારતી વખતે પોતાની સંમતિ આપેલ માનવામાં આવશે.

૮. અધિકૃત અધિકારી દ્વારા ઇ-હરાજી પૂર્ણ થયા પછી, ફક્ત સફળ બીડરોને (સર્વિસ પ્રદાતા પાસે રજીસ્ટર્ડ /તેમના દ્વારા અપાયેલ મોબાઇલ/નંબર /ઇમેઇલ એડ્રેસ પર) એસએમએસ/ઇમેઇલ મારફત અમારા ઉપરોક્ત સર્વિસ પ્રદાતા દ્વારા જાણ કરવામાં આવશે.

૯. સફળ રહાજી ખરીદાર/બીડરે બીડની રકમના ૨૫ ટકા (પચ્ચીસ ટકા) (એટલે કે પહેલા જમા કરેલ ઇએમડીની રકમ સહીત) હરાજીની સમાપ્તિ/અંતના રોજ તે જ દિવસે અથવા તે પછીના ચાલુ કામકાજના દિવસે તાત્કાલિક જમા કરવાની રહેશે. સફળ હરાજી ખરીદાર /બીડરે અધિકૃત અધિકારીને ચુકવવાપાત્ર બાકીની બીડ ખરીદીની રકમ મિલકતના વેચાણની મંજુરીની તારીખથી પંદર દિવસે અથવા તે પહેલા અથવા ખરીદાર અને સિક્યોર્ડ લેણદાર વચ્ચે લેખિતમાં મંજુર કરાયેલ આવા વિસ્તારેલ સમયગાળા દરમિયાન ચુકવવાની રહેશે, પરંતુ કોઇપણ સંજોગોમાં ૩ માસ કરતાં વધુ નહીં. જણાવેલ સમયની અંદર ઉપર જણાવ્યા મુજબની રકમ જમા કરવામાં નિષ્ફળતાના કિસ્સામાં, સફળ બીડર દ્વારા જમા કરાયેલ રકમ બેંક અને અધિકૃત અધિકારી દ્વારા જપ્ત કરવામાં આવશે અને અધિકૃત અધિકારી મિલકતની નવી હરાજી/વેચાણ કરવા સ્વતંત્ર રહેશે અને કસુરવાર બીડર જપ્ત કરાયેલ રકમ અને મિલકત પર કોઇ દાવો ધરાવશે નહીં.

૧૦. ચુકવણીમાં કસુરઃઉપર જણાવ્યા મુજબ તે જ દિવસે અથવા પછીના ચાલુ દિવસે ૨૫ ટકા બીડની રકમ (ઇએમડી બાદ કરીને)ની ચુકવણીમાં અને/અથવા જણાવેલ સમયમાં બીડની બાકી૭૫ ટકા રકમની ચુકવણીમાં કસુર થશે તો કોઇપણ નોટીસ વગર વેચાણ આપમેળ રદ થશે. સફળ બીડર દ્વારા ચુકવાયેલ ઇએમડી અને અન્ય નાણાં બેંકના અધિકૃત અધિકારી દ્વારા જપ્ત કરવામાં આવશે.

૧૧. બેંકને સફળ બીડર દ્વારા વેચાણની કિંમતની ચુકવણી ઇન્કમ ટેક્સ એક્ટ,૧૯૬૧ની કલમ ૧૯૪ આઇએ હેઠળ ટીડીએસને આધિન રહેશે અને ટીડીએસ સફળ બીડરે બીડની બાકીની ૭૫ ટકા રકમ જમા કરતી વખતે ભરવાનો રહેશે. સફળ હરાજી ખરીદારે/બીડરે બીડની રકમ પર લાગુ જીએસટી બેંકને ચુકવવાનો રહેશે.

૧૨. વેચાણની સંપુર્ણ કિંમત મળ્યા પછી અધિકૃત અધિકારી નિયમો મુજબ વેચાણ પ્રમાણપત્ર જારી કરશે. ખરીદદારે સ્ટેમ્પ ડ્યુટી, તેમજ વેચાણના પ્રમાણપત્રનો રજીસ્ટ્રેશન ચાર્જ, મિલકતોને લગતા હાલના કે ભવિષ્યના સરકારી/કોઇપણ પ્રાધિકરણને ચુકવવાપાત્ર તમામ કાનુની બાકી લેણાં, વેરા, જીએસટી, દરો અને ખર્ચ ભોગવવાના રહેશે.

૧૩. વેચાણ સર્ટીફીકેટમાં બીડમાં જણાવ્યા સિવાય કોઇપણ નામનો સમાવેશ/બદલીની કોઇપણ દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહીં. વેચાણ સર્ટીફીકેટ માત્ર સફળ બીડરના નામે જારી કરવામાં આવશે.

૧૪. વેચાણ સર્ટીફીકેટ જારી કરવા સામે ડીઆરટી/ડીઆરએટી/હાઇકોર્ટ અથવા કોઇપણ અન્ય કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઇપણ રોકાણ/મનાઇ હુકમ/પ્રતિબંધિત આદેશની પડતર કાર્યવાહીમાં વેચાણ સર્ટીફીકેટ જારી કરવામાં આવશે નહી. આ ગાળા દરમિયાન જમા કરેલ રકમ પર વ્યાજ આપવામાં આવશે નહીં. સફલ બીડર દ્વારા કરાયેલ જમા રકમ, વેચાણ સર્ટીફીકેટનો પડતર અમલ, ડીપોઝીટ એકાઉન્ટમાં વ્યાજ વગર રાખવામાં આવશે. વેચાણના અંશતઃ અથવા સંપૂર્ણ રદ બંનેમાં જમા પરત મેળવવાની દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહીં. ડીઆરટી/ડીઆરએટી/હાઇકોર્ટ અથવા કોઇ અન્ય કોર્ટ દ્વારા પ્રક્રિયાને આગળ વધારવા પર રોકના કિસ્સામાં હરાજીને વિલંબિત અથવા રદ કરવામાં આવશે અને વેચાણમાં ભાગ લેનાર વ્યક્તિઓને આવી મોકુફી કે રદ માટે નુકશાન, વળતર અથવા ખર્ચ માટે અધિકૃત અધિકારી /બેંક સામે દાવો કરવાનો હક મળશે નહીં.

૧૫. અધિકૃત અધિકારી /બેંક કોઇપણ આગોતરી નોટીસ વગર અને કોઇપણ કારણ જણાવ્યા વગર કોઇપણ બીડનો સ્વીકાર અને અસ્વીકાર અથવા વેચાણ મોકુફ/મુલતવી / રદ રાખવાનો અને વેચાણની શરતો અને નિયમોમાં ફેરપાર કરવાનો તેમજ જો જુના બીડર નિષ્ફળ જાય તો બીજી સૌથી ઉંચી બીડ બોલનારને બોલવાનો હક અનામત રાખે છે.

૧૬. ઇચ્છુક ખરીદાર તે /તેણીના ખર્ચે ઉપર જણાવેલ તારીખ અને સમયે મિલકતનું નિરિક્ષણ કરી શકે છે. બેંકમાં ઉપલબ્ધ ટાઇટલ દસ્તાવેજો અને અન્ય દસ્તાવેજોના નિરિક્ષણ માટે, ઇચ્છુક બીડરો હરાજીની તારીખથી બે દિવસ પહેલા ઓફિસ કલાકો દરમિયાન બેંક ઓફ બરોડા, ઝેડઓએસએઆર બ્રાંચનો સંપર્ક કરી શકે છે.

૧૭. મિલકત જયાં છે, જે છે, જેમ છે કોઇપણ આશ્રય આધાર વિનાના ધોરણે વેચવામાં આવી રહી છે અને ઇચ્છુક બીડરોએ ઓનલાઇન બીડ સુપરત કરતા પહેલાં તેમની વિવેકબુદ્ધિથી સ્વતંત્ર પુછપરછ કરવી જોઇએ અને લાગતા વળગતા રજીસ્ટ્રાર/એસઆરઓ/રેવન્યૂ રેકોર્ડ/અન્ય કાનુની પ્રાધિકરણોના બોજો અને બેંકના ચાર્જ સિવાય કોઇપણ અન. પ્રાધિકરણ જેવા કે વેચાણ વેરા, એક્સાઇઝ/જીએસટી/આવકવેરાના કોઇપણ દાવા/હક્કો/બાકી રકમ ચાર્જ અંગે ચકાસણી કરવી જોઇએ અને ટાઇટલ, પ્રકાર, વર્ણન, વિસ્તાર, ગુણવત્તા, પ્રમાણ સ્થિતિ, બોજો, પુર્વાધિકાર, ચાર્જ, કાનુની બાકી રકમ વગેરેના સંબંધમાં સંતોષકારક ખાતરી કરવી જોઇએ.ઇ-હરાજીની જાહેરાત બેંકના કોઇ નિવેદન અથવા કોઇપણ રજુઆત પુરતની કે ગણવામાં આવશે નહીં. અધિકૃત અધિકારી-સિક્યોર્ડ ક્રડીટર કોઇપણ ત્રાહીત વ્યક્તિના દાવા/હકો/બાકી રકમ માટે કોઇપણ રીતે જવાબદાર ગણાશે નહીં.

૧૮. બેંક વેચાણ માટે મુકાયેલ મિલકતના સંબંધમાં કોઇપણ મંજુરી-લાયસન્સ, એનઓસી વગેરેની પ્રક્રિયા માટે અથવા પાણી/સેવા ચાર્જ, ટ્રાન્સફર ફી, ઇલેક્ટ્રીસીટીની બાકી રકમ, મ્યુન્સિપલ કોર્પોરેશન/સ્થાનિક પ્રાધિકરણ/કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટીની બાકી રકમ, અથવા અન્ય કોઇ બાકી રકમ, વેરા, પુર્વાધિકાર, ફી, જણાવેલ મિલકતના વેચાણને સંબંધિત અને /અથવા ને લગતી ટ્રાન્સફર ફી ની કોઇપણ જવાબાદરી લેશે નહીં. સફળ બીડરે મિલકતની ખરીદીને લગતી ઇન્કમટેક્ષની જોગવાઇઓનું પાલન કરવું અને લાગુ દરો મુજબ પ્રાધિકરણોને વેરો ચુકવવો પડશે.

૧૯. અધિકૃ અધિકારી કોઇપણ પ્રસંગોપાંત અને વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને જરૂર જણાયતો કોઇપણ શરતમાં સુધારો/ફેરફાર/રદ કરવા સ્વતંત્ર છે. બેંક/અધિકૃત અધિકારી કોઇપણ આગાતરી નોટીસ વગર અને કોઇપણ કારણ જણાવ્યા વગર કોઇપણ બીડરનો સ્વીકાર કે અસ્વીકાર કરવા અને વેચાણની કોઇપણ શરતો અને નિયમોમાં ફેરફાર કરવા વેચાણ મોકુફ/મુલતવી/રદ કરવાનો અબાધિક હક ધરાવે છે. બીડરોએ વેચાણની તમામ શરતો વાંચવી અને સમજવાની રહેશે અને તે બંધનકર્તા રહેશે. બીડરો અને /અથવા સફળ બીડર દ્વારા કોઇપણ કાઉન્ટર ઓફર/શરતી ઓફર/શરતોને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. અહીં ઉપર વપરાયેલ શબ્દો અને વાક્યો સરફૈસી એક, ૨૦૦૨ એ તે હેઠળ રચાયેલ નિયમોમાં દર્શાવેલ અર્થાનુસાર છે.

૨૦. વેચાણ સિક્યોર્ડ ક્રેડીટર બેંકની મંજુરીને આધિન છે.

૨૧. વેચાણ સરફૈસીની એક્ટ ૨૦૦૨ અને તે હેઠળ ઘડાયેલ નિયમો હેઠળ જણાવેલ શરતો / નિયમો/જોગાવાઇઓ અને ઉપર જણાવેલ શરતોને આધિન રહેશે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે ભાવી બીડરો અધિકૃત અધિકારી **શ્રી અનુપમ બિંદાલ, મો. ૯૬૮૭૬૭૨૯૨૮** નો સંપર્ક પણ કરી શકે છે.

તારીખ :
સ્થળ :

અધિકૃત અધિકારી,
બેંક ઓફ બરોડા

તારીખ : ૧૨.૦૮.૨૦૨૬ સ્થળ : વાસદ નોંધઃ વિવાદની સ્થિતિમાં અંગ્રેજી આવૃત્તિમાં પ્રકાશિત થયેલ નોટીસ માન્ય ગણાશે.